प्रकरण III

# નાણાકીય અહેવાલ

સુસંગત, આધારભૂત અને સમયસર માહિતી સહિતનો એક મજબૂત નાણાકીય અહેવાલ રાજ્ય સરકાર દ્વારા કાર્યક્ષમ અને અસરકારક શાસનમાં યોગદાન આપે છે અને તે તેની પ્રશાસનિક જવાબદારીઓ, વ્યુહાત્મક આયોજન અને યોગ્ય નિર્ણય પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે સરકાર માટે મહત્વની છે. તે મજબૂત આંતરિક નિયંત્રણ માટે પણ પાયારૂપ બને છે. વર્ષ 2018-19 દરમિયાન વિવિધ નાણાકીય નિયમો, કાર્ય પધ્ધતિઓ અને નિર્દેશો પ્રત્યેના રાજ્ય સરકારના અનુપાલન ઉપર આ પ્રકરણ વિહંગાવલોકન રજુ કરે છે.

## 3.1 વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

સામાન્ય નાણાકીય નિયમો[1], ની સાથે વંચાણે લેતાં ગુજરાત નાણકીય નિયમો, 1971[2] ની જોગવાઇ મુજબ ચોક્કસ હેતુઓ માટે આપવામાં આવેલા અનુદાન માટે, જેને અનુદાન આપવામાં આવ્યું હોય તે સંસ્થા અથવા સંગઠન દ્વારા વપરાશી પ્રમાણપત્રો નાણાકીય વર્ષ પુરૂં થયાના 12 મહિનામાં વિભાગના વડા સમક્ષ રજુ કરી દેવા જોઇએ અને ચકાસણી બાદ તે મહાલેખાકાર (હિસાબ અને હક)[3] ની કચેરીને મોકલી આપવા જોઇએ.

ઓડિટે અવલોકન કર્યુ હતું કે, આમ છતાં, 2001-02 થી 2017-18 ના સમયગાળા દરમિયાન આપવામાં આવેલ અનુદાન પેટે એકંદર ₹ 4,233.95 કરોડના 2,573 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2019 ના રોજ રજુ કરવાના બાકી હતા. ચડત પ્રમાણપત્રોની સમયવાર સ્થિતિનો સારાંશ **કોઠો 3.1** માં આપેલ છે.

**કોઠો 3.1: વપરાશી પ્રમાણપત્રો રજુ કરવામાં સમયવાર વિલંબ**

| ક્રમાંક | વિલંબનો સમયગાળો (વર્ષમાં) | બાકી વપરાશી પ્રમાણપત્રો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
| 1. | 0-2 | 837 | 3,690.57 |
| 2. | 2-4 | 84 | 87.19 |
| 3. | 4-6 | 41 | 77.68 |
| 4. | 6-8 | 48 | 12.95 |
| 5. | 8 અને વધુ | 1,563 | 365.56 |
| | કુલ | 2,573 | 4,233.95 |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા સંકલિત માહિતિ

1 સામાન્ય નાણાકીય નિયમો, 2005 નો નિયમ 212 અને સામાન્ય નાણાકીય નિયમો, 2017 નો નિયમ 238(1)

2 નિયમ 154 અને 155

3 મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત, રાજકોટ

કુલ બાકી વપરાશી પ્રમાણપત્રો પૈકી, ₹ 2,995.88 કરોડની રકમના 70.76 ટકા જેટલા કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગને લગતા હતા જ્યારે 12.35 ટકા (₹ 522.87 કરોડ) આદિજાતિ વિકાસ વિભાગને લગતા હતા. ઉપરાંત, 2018-19 દરમિયાન ચૂકવવામાં આવેલા અનુદાનોની બાબતમાં એકંદરે ₹ 10,266.05 કરોડના 4,106 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2020 સુધીમાં રજૂ કરવાના રહેશે. 2017-18 સુધીમાં ચુકવવામાં આવેલા અનુદાનના વપરાશી પ્રમાણપત્રોની વિભાગ-વાર પડતરની સ્થિતિ **પરિશિષ્ટ 3.1** માં દર્શાવી છે.

વપરાશી પ્રમાણપત્રો ના અભાવે, ચૂકવવામાં આવેલા નાણાનો ઉપયોગ જે હેતુ માટે તે આપવામાં આવ્યા હતા તેના માટે કરવામાં આવ્યો છે તેની ખાતરી મળતી નથી. ઉપરાંત, બાકી વપરાશી પ્રમાણપત્રોનું ઉંચુ પ્રમાણ ઉચાપત અને છેતરપિંડીના જોખમથી ભરેલું હતું.

### 3.1.1 વપરાશી પ્રમાણપત્રોની સમીક્ષા

ગુજરાત નાણાકીય નિયમો, 1971 મુજબ સંસ્થા અથવા સંગઠનને પ્રસ્તુત નિયમો અથવા આ નિયમો હેઠળ નક્કી કરવામાં આવેલા સિધ્ધાંતો અનુસાર હોય અથવા નાણા વિભાગની પૂર્વ મંજૂરીથી નક્કી કરવામાં આવ્યા હોય, એ શરતે વહીવટી વિભાગો સહાયક અનુદાન મંજૂર કરી શકે છે. ગુજરાત નાણાકીય નિયમોના નિયમ 155 નીચેની નોંધ (ii) મુજબ "સહાયક અનુદાન સાથે કોઇ ચોક્કસ શરતો જોડાયેલી ન હોય તો પણ ચૂકવાયેલ પ્રત્યેક અનુદાનના કિસ્સામાં સહાયક અનુદાનના વપરાશી પ્રમાણપત્ર આપવા પડશે. સક્ષમ અધિકારીએ સંબંધિત વિભાગના વડા ને નાણાકીય વર્ષ પૂરું થયાના 12 માસના સમયગાળા દરમિયાન વપરાશી પ્રમાણપત્ર આપવા પડશે." ચકાસણી બાદ, તેને મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરીને રવાના કરવા જોઇએ.

#### 3.1.1.1 મહાલેખાકાર (હિસાબ અને હક) માં પ્રાપ્ત થયેલા વપરાશી પ્રમાણપત્રો ની સમીક્ષા

મહાલેખાકાર (હિસાબ અને હક) ને મળેલા એકંદરે ₹ 807.08 કરોડનું અનુદાન સંકળાયેલ હતું એવા નમૂનારૂપ[4] 81 વપરાશી પ્રમાણપત્રોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. નમૂનારૂપ આ 81 વપરાશી પ્રમાણપત્રો પાંચ વિભાગો એટલે કે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, સામાજીક ન્યાય અને સશક્તિકરણ, આદિજાતિ વિકાસ અને શહેરી આવાસન અને શહેરી વિકાસ વિભાગોને લગતા હતા.

***વપરાશી પ્રમાણપત્રો મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજુ કરવામાં વિલંબ***

એવુ ધ્યાન પર આવ્યુ હતું કે નમૂનારૂપ 81 વપરાશી પ્રમાણપત્રોમાંથી ₹ 4.11 કરોડની રકમના 2001-02 થી 2017-18 ના સમયગાળા દરમિયાન ચુકવવામાં આવેલા અનુદાન બાબતના નવ (11 ટકા) વપરાશી પ્રમાણપત્રો પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ને વિલંબથી રજુ કરવામાં આવ્યા હતા. વપરાશી પ્રમાણપત્રો રજુ કરવામાં સમય-વાર વિલંબનો સારાંશ નીચે **કોઠો 3.2** માં આપ્યો છે.

4 2018-19 માં મળેલા 1,726 વપરાશી પ્રમાણપત્રો માંથી ઉંચી બાકી દર્શાવતા હતા એવા પાંચ વિભાગોમાંથી યાર્દચ્છિક રીતે લીધા હતા.

**કોઠો 3.2: વપરાશી પ્રમાણપત્રો રજુ કરવામાં સમયવાર વિલંબ**

| ક્રમાંક | રજુ કરવામાં વિલંબ | વપરાશી પ્રમાણપત્રો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
| 01 | 01 થી 02 વર્ષ | 5 | 4.07 |
| 02 | 02 વર્ષ થી 08 વર્ષ | 0 | 0.00 |
| 03 | 08 વર્ષ અને વધુ | 4 | 0.04 |
| | **કુલ** | **9** | **4.11** |

સ્રોત: મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા રજુ કરવામાં આવેલા માહિતી

આ નવ વપરાશી પ્રમાણપત્રોમાંથી, ₹ 2.39 કરોડની રકમના છ વપરાશી પ્રમાણપત્રો (67 ટકા) સામાજીક ન્યાય અને સશક્તિકરણ વિભાગને લગતા હતા અને અન્ય ત્રણ વપરાશી પ્રમાણપત્રો કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; આરોગ્ય અને કુટુંબ કલ્યાણ; અને આદિજાતિ વિકાસ વિભાગને લગતા હતા.

### *અનુદાનનો ઉપયોગ ન થવો*

ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 154 (5) ને નોંધ 2 ની સાથે વાંચતાં એવી જોગવાઇ છે કે જો મંજૂરી આપનાર સત્તાધારીએ કોઇ સમયગાળો નિયત ન કર્યો હોય તો, અનુદાનનો ઉપયોગ ચોક્કસ હેતુસર વ્યાજબી સમયગાળામાં કરવામાં આવશે જે સામાન્ય રીતે અનુદાનની મંજૂરી જારી કરવાની તરીખથી એક વર્ષનો સમયગાળો રહેશે. અનુદાન મેળવનાર પાસે મંજૂરીની તારીખથી એક વર્ષ પૂર્ણ થયા બાદ કોઇ પણ વણવપરાયેલ સિલકની તરત જ સરકારમાં પરત સોંપણી કરવાની રહેશે.

વર્ષ 2001-02 અને 2017-18 વચ્ચે ચૂકવાયેલા અનુદાન માટે ત્રણ[5] વિભાગોમાંથી પ્રાપ્ત આઠ વપરાશી પ્રમાણપત્રોએ દર્શાવ્યું હતું કે અમલકર્તા એજન્સીઓ દ્વારા એક થી 16 વર્ષના સમયગાળા માટે ₹ 2.70 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો ન હતો. આમ છતાં, વણવપરાયેલા અનુદાનની સરકારના હિસાબમાં પરત સોંપણી કરવામાં આવી ન હતી.

### *અયોગ્ય નમૂનામાં રજુ કરેલા વપરાશી પ્રમાણપત્રો*

ગુજરાત નાણાકાય નિયમો, 1971 ના નિયમ 155 ની સાથે વાંચતા, સામાન્ય નાણાકીય નિયમો, 2005 ના નિયમ 212 (1) મુજબ વપરાશી પ્રમાણપત્રો અનુદાન મેળવનાર સંસ્થાઓ/કચેરીઓ દ્વારા તેમના વિભાગો મારફતે નમૂનો GFR-19 A માં રજુ કરવા જોઇએ.

આમ છતાં, 81 વપરાશી પ્રમાણપત્રોમાંથી એકંદરે ₹ 781.85 કરોડના 69 (85 ટકા) વપરાશી પ્રમાણપત્રો નિયત નમૂનામાં રજુ કરવામાં આવ્યા ન હતા. વપરાશી પ્રમાણપત્રોમાં ક્યાં તો તે રજુ કરતાં પહેલાં કરવામાં આવેલી ચકાસણીની વિગતો તેમાં ન હતી કે ન તો અનુદાન મેળવનારાઓ દ્વારા મંજૂરી હુકમના નંબરો અને તારીખોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અયોગ્ય વપરાશી પ્રમાણપત્રોનો સ્વીકૃતિ દર્શાવે છે કે મંજૂર કરનાર વિભાગોએ જરૂરી ચકાસણી

---

[5] આરોગ્ય અને કુટુંબ કલ્યાણ, સામાજીક ન્યાય અને સશક્તિકરણ અને આદિજાતિ વિકાસ

કરી ન હતી અને વપરાશી પ્રમાણપત્રોના સમર્થનમાં જરૂરી દસ્તાવેજો પુરા પાડવા માટે પણ આગ્રહ રાખવામાં આવ્યો ન હતો.

વધુમાં, 81 વપરાશી પ્રમાણપત્રો પૈકી અનુદાન મેળવનાર સંસ્થાઓ દ્વારા મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂ કરેલા ₹ 58.01 કરોડના 40 વપરાશી પ્રમાણપત્રોમાં ક્યાં તો સંબંધિત વિભાગના વડા દ્વારા પ્રતિસહી કરવામાં આવી ન હતી અથવા સંબંધિત વિભાગ મારફત મોકલવામાં આવ્યા ન હતા. રજૂ કરવામાં આવેલા વપરાશી પ્રમાણપત્રોની વિશ્વસનિયતાની, આથી, ઓડિટમાં ચકાસણી કરી શકાઇ ન હતી.

### 3.1.1.2 મહાલેખાકાર (હિસાબ અને હક) ને વપરાશી પ્રમાણપત્રોની અયોગ્ય રજૂઆત

ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 155 નીચેની નોંધ 1 (i) અનુસાર "અનુદાનના વપરાશને પ્રમાણિત કરનાર અધિકારીએ, જે શરતો પર અનુદાન મંજૂર કરવામાં આવ્યુ હતું તે પરિપૂર્ણ કરવામાં આવી છે અથવા કરવામાં આવી રહી છે એવો પોતાને સંતોષ થાય એવા પગલા લેવા જોઇએ. આ હેતુ માટે, તેને જરૂરી જણાય એ મુજબ અનુદાનમાંથી કરવામાં આવેલા ખર્ચની બાબતમાં નિયમિત સમયાંતરે, આવા અહેવાલો, પત્રકો વગેરે તેમને રજૂ કરવા માટે અનુદાન મેળવનારને જણાવી શકે".

આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગમાં વર્ષ 2016-19 માટે અનુદાનના ઓડિટ દરમિયાન, ઓડિટે અવલોકન કર્યુ હતું કે ત્રણ નિયંત્રણ અધિકારીઓએ સામાન્ય નાણાકીય નિયમોના ઉલ્લંઘન રૂપે અમલકર્તા એજન્સીઓ પાસેથી ખર્ચ/રિપોર્ટો/વપરાશી પ્રમાણપત્રોની વિગતો મેળવ્યા વિના ₹ 5,977.75 કરોડ સંકળાયેલા હતા એવા 1,113 વપરાશી પ્રમાણપત્રો મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂ કર્યા હતા. વિગતો **કોઠો 3.3** માં દર્શાવી છે.

**કોઠો 3.3: વપરાશી પ્રમાણપત્રોની અયોગ્ય રજૂઆતની વિગતો**

| નિયંત્રણ અધિકારીઓનું નામ | વર્ષ | રજૂ કરેલા વપરાશી પ્રમાણપત્રો | AG (A&E) ને રજૂ કરેલા વપરાશી પ્રમાણપત્રોની રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| જાહેર આરોગ્યના અધિક નિયામક | 2016-17 થી 2018-19 | 461 | 3,310.93 |
| તબીબી સેવાઓના અધિક નિયામક | 2017-18 થી 2018-19 | 196 | 196.54 |
| તબીબી શિક્ષણ અને સંશોધન ના અધિક નિયામક | 2016-17 થી 2018-19 | 456 | 2,470.28 |
| | કુલ | 1,113 | 5,977.75 |

સ્રોત: સંબંધિત નિયંત્રણ અધિકારીઓ પાસેથી મેળવેલી માહિતી

***ભલામણઃ** મંજૂરી આપનાર અધિકારી/સંબંધિત વિભાગે વધુ અનુદાન છૂટ્ટુ કરતાં પહેલાં, અગાઉ છુટા કરી દીધેલા અનુદાન માટે, વપરાશી પ્રમાણપત્રોની પ્રાપ્તિ અને યથાર્થતાની ચકાસણી સુનિશ્ચિત કરવી જોઇએ. લાંબા સમય માટે અનુદાન મેળવનાર સંસ્થાઓ પાસે પડી રહેલી વણવપરાયેલી સિલકોની સમીક્ષા કરવા સહિત વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ માટેના અવરોધોને ઓળખીને સુદ્રઢ આંતરિક નિયંત્રણ અને નાણાકીય અહેવાલની યંત્રણાની સ્થાપના કરવી જોઇએ. .*

## 3.2 ઉચ્ચક આકસ્મિક બિલ પર ઉપાડેલી રકમ માટે હિસાબ રજૂ કરવામાં નિષ્ફળતા

રાજ્ય સરકાર દ્વારા થતા ખર્ચની બાબતો, જેના માટે ઉપાડ કરતી વખતે નિર્ણાયક વર્ગીકરણ અને સમર્થનકારી વાઉચરો ઉપલબ્ધ ન હોય, ત્યારે આકસ્મિક ખર્ચ માટેનો ઉપાડ ઉચ્ચક આકસ્મિક બિલોથી કરવામાં આવે છે. શરૂઆતમાં તેને પેશગી તરીકે ગણવામાં આવે છે અને ત્યારબાદની ગોઠવણ ઉચ્ચક આકસ્મિક બિલથી ઉપાડની તારીખથી ત્રણ મહિનાના નિયત સમયગાળાની અંદર વિગતવાર આકસ્મિક બિલની મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂઆત[6] મારફત સુનિશ્ચિત કરવામાં આવે છે.

ઉચ્ચક આકસ્મિક બિલોથી મોટા પ્રમાણમાં ઉપાડ અને રાજ્ય સરકાર દ્વારા વિગતવાર આકસ્મિક બિલો રજૂ કરીને નોંધપાત્ર સંખ્યામાં ઉચ્ચક આકસ્મિક બિલોની વર્ષો પર્યંત ગોઠવણ/પતાવટ ન થવી એ ચિંતાનો વિષય છે.

31 માર્ચ 2019 ની સ્થિતિએ, સંબંધિત વિભાગોએ ₹ 439.97 કરોડની રકમના 4,496 ઉચ્ચક આકસ્મિક બિલો માટે વિગતવાર આકસ્મિક બિલો મહાલેખાકાર (હિસાબ અને હક) ને આપ્યા ન હતા. બાકી વિગતવાર આકસ્મિક બિલોનું વર્ષ-વાર વિભાજન **કોઠો 3.4** માં આપ્યું છે.

**કોઠો 3.4: રજૂ કરવાના બાકી વિગતવાર બિલો**

| વર્ષ | બાકી વિગતવાર બિલો | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| માર્ચ 2017 સુધી | 2,187 | 90.59 |
| 2017-18 | 181 | 14.98 |
| 2018-19 | 2,128 | 334.40 |
| **કુલ** | **4,496** | **439.97** |

સ્રોત: ગુજરાત સરકારના વર્ષ 2018-19 માટેના નાણાકીય હિસાબો

**કોઠો 3.4** માંથી સ્પષ્ટ છે એ મુજબ, ₹ 90.59 કરોડના (20.60 ટકા) વિગતવાર આકસ્મિક બિલો બે વર્ષ કરતાં વધારે સમય માટે પતાવટ માટે પડતર હતા. મહિલા અને બાળ કલ્યાણ વિભાગ (₹ 177.45 કરોડના 35 ઉચ્ચક આકસ્મિક બિલો); શિક્ષણ વિભાગ (₹ 84.82 કરોડના 1,876 ઉચ્ચક આકસ્મિક બિલો) અને ગૃહ વિભાગ (₹ 55.40 કરોડના 422 ઉચ્ચક આકસ્મિક બિલો) માંથી નોંધપાત્ર રકમના વિગતવાર આકસ્મિક બિલો બાકી હતા.

2018-19 માં રજૂ કરવામાં આવેલા (₹ 689.68 કરોડ) 10,505 ઉચ્ચક આકસ્મિક બિલો પૈકી, ₹ 194.61 કરોડની રકમ (28 ટકા) સંકળાયેલી હતી એવા 1,716 ઉચ્ચક આકસ્મિક બિલો માર્ચ 2019 માં રજૂ કરવામાં આવ્યા હતા જ્યારે 1,716 બિલોમાંથી ₹ 7.63 કરોડના ચાર બિલો નાણાકીય વર્ષના છેલ્લા દિવસે રજૂ કરવામાં આવ્યા હતા. ₹ 7.63 કરોડ જેટલી રકમના ચાર ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી ₹ 6.22 કરોડનું એક ઉચ્ચક આકસ્મિક બિલ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવ્યુ હતું.

6 ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 211 મુજબ

માર્ચ મહિનામાં ઉચ્ચક આકસ્મિક બિલ સામે થયેલો નોધપાત્ર ખર્ચ દર્શાવે છે કે પ્રથમ દ્રષ્ટિએ આ ઉપાડ અંદાજપત્રીય જોગવાઇઓના નાણા વાપરી નાખવા માટે હતો અને તેણે અપૂરતું અંદાજપત્રીય નિયંત્રણ દર્શાવ્યું હતું.

પેશગીનો ઉપાડ કરીને હિસાબમાં ન લેવાય તે પણ બગાડ/ઉચાપત/દુરાચાર વગેરેની શક્યતાઓમાં વધારો કરે છે.

### 3.2.1 આયોજીત પ્રવૃત્તિઓ માટે અનિયમિત રીતે આકસ્મિક બિલોથી ઉપાડ

ઉચ્ચક આકસ્મિક બિલ મારફત ખર્ચ આયોજીત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે નહીં પરંતુ માત્ર આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે કરવો જોઇએ.

ઓડિટના ધ્યાન પર એવુ આવ્યું હતું કે મહેસૂલ વિભાગ હેઠળના પાંચ[7] મામલતદારોએ[8] સરકારી જમીન પર ના દબાણો હટાવવાની કામગીરી માટે આયોજન કર્યુ હતું જેના માટે 2017-18 ના અંદાજપત્રીય અંદાજોમાં જોગવાઇ કરવામાં આવી હતી છતાં, તે કામગીરી હાથ ધરવા માટે 2017-18 દરમિયાન 13 ઉચ્ચક આકસ્મિક બિલ રજૂ કર્યા હતા.

₹ 75,000 ની રકમનું માત્ર એક બિલ સમયસર રજૂ કરવામાં આવ્યુ હતું (માર્ચ 2018). બાકીના 12 એકંદરે ₹ 3.88 કરોડના ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી, ₹ 1.34 કરોડ ચાર[9] મામલતદારોના બેંક ખાતામાં વપરાયા વિના પડી રહ્યા હતા જ્યારે ₹ 2.54 કરોડ અમદાવાદ ખાતે વાડ બનાવવાનું કામ (ડિસમ્બર 2019) હાથ ધરવા માટે માર્ગ અને મકાન વિભાગના હવાલે મુકવામાં આવ્યા હતા. માર્ગ અને મકાન વિભાગે ન તો તેમના દ્વારા કરવામાં આવેલા ખર્ચનો વિગતવાર હિસાબ રજૂ કર્યો હતો કે ન તો વણવપરાયેલી સિલક જે તે મામલતદારને મોકલી આપી હતી.

આયોજન પ્રવૃત્તિઓ માટે ઉચ્ચક આકસ્મિક બિલ થી નાણા ઉપાડવા તે યોગ્ય ન હતું.

### 3.2.2 AC/DC બિલોની સમીક્ષા

ઓડિટે પાંચ વિભાગો એટલે કે શિક્ષણ, ગૃહ, ઉદ્યોગ અને ખાણ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પંચાયતો, ગ્રામિણ આવાસન અને ગ્રામ્ય વિકાસ માંથી મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરીમાં પ્રાપ્ત થયેલા 2014-19 ના સમયગાળાને લગતા 115 AC/DC બિલો (₹ 4.28 કરોડ સંકળાયેલા હતા એવા) નમૂના[10] તરીકે પસંદ કર્યા હતા. આમાં આશય એ હતો કે

---

7 ઘાટલોડીયા, મણીનગર, સાબરમતી, વટવા અને વેજલપુર

8 મામલતદાર એ ગામોના સરેરાશ 50 અથવા વધારે જૂથોનો સમાવેશ થતો હોય એવા મહેસૂલી વહાવટીતંત્રના વડા છે.

9 ઘાટલોડીયા, મણીનગર, સાબરમતી, અને વટવા

10 વધારે બાકી દર્શાવતા પાંચ વિભાગો પાસેથી 2018-19 માં પ્રાપ્ત થયેલા 4,831 ઉચ્ચક આકસ્મિક બિલોમાંથી આડાઅવળા કાઢેલા

અમલમાં મુકવામાં આવેલી ઉપાડ અને AC/DC બિલો રજૂ કરવાની પધ્ધતિ આ વિભાગો દ્વારા નિષ્ઠાપુર્વક અનુસરવામાં આવે છે તેની ખાતરી મેળવવી.

### 3.2.2.1 પહેલા કરી નાખવામાં આવેલા ખર્ચ માટે આકસ્નિક બિલથી ઉપાડ

ગુજરાત તિજોરી નિયમો, 2000 મુજબ, કોઇ પણ ખર્ચ, આવા ખર્ચ માટે સક્ષમ અધિકારીની મંજૂરી સિવાય કરી શકાય નહીં.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે 115 કેસોમાંથી ₹ 0.75 કરોડ સંકળાયેલા હતા એવા 16 કેસોમાં, વિગતવાર આકસ્મિક બિલ સાથે જોડેલા વાઉચરો ઉચ્ચક આકસ્મિક બિલ ઉપાડવાની/સક્ષમ અધિકારીના મંજૂરી ની તારીખથી પહેલાંની તારીખ દર્શાવતા હતા. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ખર્ચ કરી નાખવામાં આવ્યા બાદ ઉચ્ચક આકસ્મિક બિલ ઉપાડવામાં આવ્યા હતા.

### 3.2.2.2 રજૂ કરવાના અગાઉના બાકી વિગતવાર બિલો નિયંત્રણમાં રાખવામાં નિષ્ફળતા

ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 211 મુજબ, નવું ઉચ્ચક આકસ્મિક બિલ રજૂ કરતી વખતે ઉપાડ અધિકારીએ પ્રમાણિત કરવું જોઇએ કે નવુ ઉચ્ચક આકસ્મિક બિલથી ઉપાડના તારીખ અગાઉના ત્રણ મહિનાના સમયગાળાને લગતા કોઇ વિગતવાર આકસ્મિક બિલ પડતર નથી. પસંદ કરેલા વિભાગોના 115 ઉચ્ચક આકસ્મિક બિલોની ઓડિટ ચકાસણીમાં નીચે મુજબ જોવામાં આવ્યુ હતુઃ

- 115 પૈકી સાત કેસોમાં, સંબંધિત ઉપાડ અધિકારીઓ ઉચ્ચક આકસ્મિક બિલો પર પર આવશ્યક પ્રમાણપત્રની નોંધ કરી ન હતી, અને
- 115 કેસો પૈકી 49 માં, ઉપાડ અધિકારીઓ દ્વારા નોંધવામાં આવેલા પ્રમાણપત્રો ભૂલોવાળા હતા. ઓડિટ દ્વારા પડતર ઉચ્ચક આકસ્મિક બિલોની તારીજ સાથે ઉલટ ખરાઇ એ અગાઉના સમયગાળાને લગતા વિગતવાર આકસ્મિક બિલોની પડતરની સ્થિતિ દર્શાવી હતી.

ઉપરની અપૂર્ણતાઓ દર્શાવતી હતી કે ઉપાડ અધિકારીઓએ નવા ઉચ્ચક આકસ્મિક બિલ ઉપાડતા પહેલાં યોગ્ય ચકાસણી કરી ન હતી.

### 3.2.2.3 વિગતવાર બિલો રજૂ કરવામાં વિલંબ

₹ 1.52 કરોડ સંકળાયેલા હતા એવા 48 કેસોમાં, વિગતવાર બિલો રજૂ કરવામાં છ દિવસ થી 1,214 દિવસોનો વિલંબ થયો હતો. ₹ 0.58 કરોડ સંકળાયેલા હતા એવા 14 કેસોમાં, વિગતવાર બિલો રજૂ કરવામાં આવ્યા ન હતા અને ડિસેમ્બર 2019 ની સ્થિતિએ વિલંબ 188 દિવસ અને 550 દિવસ વચ્ચે રહ્યો હતો.

*ભલામણ: મંજૂરી આપનાર અધિકારીઓએ કે ઉચ્ચક આકસ્મિક બિલ પર ઉપાડેલા નાણાની નિયત સમયમર્યાદામાં વિગતવાર આકસ્મિક બિલ રજૂ કરીને સત્વર પતાવટ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવુ જોઇએ. નાણા વિભાગે પણ ઉચ્ચક આકસ્મિક બિલોની પડતર નીચે આવે એ સુનિશ્ચિત કરવુ જોઇએ.*

## 3.3 સરકાર તરફથી નોંધપાત્ર પ્રમાણમાં નાણા મેળવતી સંસ્થાઓ/સત્તામંડળો

### 3.3.1 સરકાર તરફથી નોંધપાત્ર પ્રમાણમાં નાણા મેળવતી સંસ્થાઓ/સત્તામંડળોને લગતી માહિતી ન મળવી

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ, જ્યારે ભારતના અથવા કોઇ પણ રાજ્યના એકત્રિત નિધિમાંથી કોઇ સંસ્થા અથવા સત્તામંડળને અનુદાન અથવા લોન દ્વારા વધુ પ્રમાણમાં નાણા પુરા પાડવામાં આવે ત્યારે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (CAG) આવી સંસ્થા અથવા સત્તામંડળને તે સમયે લાગુ પડતા કોઇ પણ કાયદાની જોગવાઇઓને અધિન, કિસ્સા મુજબ, તે સંસ્થા અથવા સત્તામંડળની તમામ આવક અને ખર્ચનું ઓડિટ કરશે અને તેમણે કરેલા આવક અને ખર્ચના ઓડિટ પરનો અહેવાલ આપશે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 15 હેઠળ, જ્યારે ભારતના અથવા કોઇ પણ રાજ્યના એકત્રિત નિધિમાંથી કોઇ પણ ચોક્કસ હેતુ માટે કોઇપણ સત્તામંડળ અથવા સંસ્થાને અનુદાન અથવા લોન આપવામાં આવે ત્યારે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક, જે શરતને આધિન અનુદાન અથવા લોન આપવામાં આવી હતી તે પરિપૂર્ણ થયા બાબતમાં મંજૂરી આપનાર અધિકારી પોતે ખાતરી કરે છે એ પધ્ધતિની ચકાસણી કરશે.

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 અને 15 હેઠળ ઓડિટને પાત્ર થાય એવી સંસ્થાઓને ઓળખી કાઢવા માટે સરકાર/વિભાગના વડાઓએ દર વર્ષે વિવિધ સંસ્થાઓને આપેલી નાણાકીય મદદ, જે હેતુ માટે આપવામાં આવી હતી અને સંસ્થાઓના કુલ ખર્ચની વિગતવાર માહિતી ઓડિટ કચેરીને આપવાની હોય છે. ઓડિટ અને હિસાબના નિયમો, 2007 માં જોગવાઇ છે કે સરકારો અને વિભાગીય વડાઓ કે જે સંસ્થાઓ અથવા સત્તામંડળોને અનુદાન અને/અથવા લોન મંજૂર કરે છે તેમણે આવી સંસ્થાઓ અથવા સત્તામંડળને પાછલા વર્ષ દરમિયાન એકંદર ₹ 10 લાખ અથવા વધુ નું અનુદાન અને/અથવા લોન આપવામાં આવી હોય તેનું (ક) જે હેતુ માટે સહાય મંજૂર કરવામાં આવી હતી અને (ખ) સંસ્થા અથવા સત્તામંડળનો કુલ ખર્ચ દર્શાવતું એક પત્રક વર્ષના જુલાઇ મહિનાના અંત સુધીમાં રજુ કરવાનું હોય છે.

આ મુદ્દો રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવ્યો ત્યારે, 27 વિભાગો પૈકી ફક્ત પાંચ[11] વિભાગોએ 2018-19 દરમિયાન જુદી જુદી સંસ્થાઓ અને સત્તામંડળોને આપેલા સહાયક

[11] નાણા; સામાન્ય વહીવટ; સામાજીક ન્યાય અને સશક્તિકરણ; કાયદો; ગુજરાત વિધાનસભા સચિવાલય

અનુદાનની વિગતો રજુ કરી હતી. વિભાગોએ રજૂ કરેલી માહિતીના આધારે, 46 નવી સંસ્થાઓ/સત્તામંડળોના ઓડિટ નિશ્ચિત કરવામાં આવ્યા હતા. 22 વિભાગોમાંથી માહિતી ન મળવાથી આપવામાં આવેલી નાણાકીય મદદની સંપૂર્ણ વિગતોના અભાવે એટલા પ્રમાણમા તેમના દ્વારા મંજૂર થયેલું/ચૂકવવામાં આવેલું અનુદાન કઇ રીતે ઉપયોગમાં લેવામાં આવ્યું હતું તે અંગેની વ્યાજબી ખાતરી વિધાનસભા/સરકારને આપી શકાઇ ન હતી.

### 3.3.2 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળો દ્વારા હિસાબો રજુ ન કરવા/વિલંબથી કરવા

જુદી જુદી સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજુ કરવામાં આવેલા હિસાબોના આધારે નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ ઓડિટ હાથ ધરવામાં આવે છે. આ કલમ હેઠળ આવરી લેવાયેલી 207 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળો છે. આ સંસ્થાઓનું ઓડિટ તેમના વ્યવહારો, કામગીરીની પ્રવૃત્તિઓ અને હિસાબો, પ્રણાલી/પધ્ધતિઓની સમીક્ષા, આંતરિક નિયંત્રણો વગેરેને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

વર્ષ 2018-19 દરમિયાન 19 સંસ્થાઓ/સત્તામંડળોને લગતા કુલ 41 હિસાબો (પહેલાના વર્ષોના હિસાબો સહિત) નું ઓડિટ કરવામાં આવ્યું હતું. 19 પૈકી 10 સ્વાયત્ત સંસ્થાઓએ તેમના વર્ષ 2018-19 માટેના ચાલુ હિસાબો રજૂ કર્યા છે. જો કે, 2018-19 સુધીમાં રજુ કરવાપાત્ર 207 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના 911 હિસાબો 31 જુલાઇ 2019 ની સ્થિતિએ PAG (E&RSA)[12] અને PAG (G&SSA)[13] ગુજરાતને મળ્યા ન હતા.

જે 207 સ્વાયત્ત સંસ્થાઓએ હિસાબો રજૂ કર્યા નથી તેની વિગતો **પરિશિષ્ટ 3.2** માં આપી છે અને વય મુજબ તેમની બાકી ની સ્થિતિ **કોઠો 3.5** માં દર્શાવ્યા છે.

**કોઠો 3.5: સરકારી સંસ્થાઓ પાસેથી મળવાપાત્ર વય-વાર પાછલા બાકી વાર્ષિક હિસાબો**

| ક્રમાંક | વર્ષોની સંખ્યામાં પડતર કેસો | સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોની સંખ્યા |
|---|---|---|
| 1. | એક વર્ષ કરતાં ઓછા | 13 |
| 2. | 1-3 | 112 |
| 3. | 3-5 | 26 |
| 4. | 5-10 | 36 |
| 5. | 10 કરતાં વધુ | 20 |
| **કુલ** | | **207** |

સ્રોત: PAG (E&RSA) ની કચેરી અને PAG (G&SSA) ની કચેરી દ્વારા સંકલિત માહિતી

[12] પ્રધાન મહાલેખાકાર (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર લેખાપરીક્ષા), ગુજરાત, અમદાવાદ.

[13] પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર લેખાપરીક્ષા), ગુજરાત, રાજકોટ

ઉપરનો **કોઠો 3.5** દર્શાવે છે કે 56 સ્વાયત્ત સંસ્થાઓ/સત્તમંડળોના હિસાબો પાંચ કરતા વધારે વર્ષો માટે બાકી હતા. વાર્ષિક હિસાબો ન હોવાથી આ સંસ્થાઓ/સત્તામંડળોને ચૂકવેલા અનુદાન અને લોનનો હિસાબ/ઉપયોગની ઓડિટ દ્વારા ચકાસણી થઇ શકી ન હતી.

વિવિધ સંસ્થાઓને ચૂકવવામાં આવેલા અનુદાન અને લોન બાબતમાં માહિતી રજુ ન કરવી અને તેમના દ્વારા હિસાબો રજૂ ન થવા તે ભંડોળોના દુરૂપયોગના જોખમમાં વધારો કરે છે અને નાણા વિભાગે આવી તબદીલીઓ પર નજર રાખવી જોઇએ.

## 3.4 હિસાબો રજૂ કરવામાં અને સ્વાયત્ત સંસ્થાઓના અલગ ઓડિટ અહેવાલો (SARs) મુકવામાં વિલંબ

રાજ્ય સરકારે વિકાસ, આવાસન વગેરે ક્ષેત્રોમાં ઘણી સ્વાયત્ત સંસ્થાઓ ઉભી કરી છે. આ સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઓડિટને પાત્ર છે. રાજ્યમાં આવી 63 સ્વાયત્ત સંસ્થાઓનું ઓડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. આનું ઓડિટ તેમના વ્યવહારો, સંચાલનની પ્રવૃત્તિઓ અને હિસાબ, પ્રણાલી/પધ્ધતિઓની સમીક્ષા, આંતરિક વ્યવસ્થાપન અને નાણાકીય નિયંત્રણ વગેરેના આધારે કરવાના હોય છે. 63 માંથી પ્રત્યેક સ્વાયત્ત સંસ્થાના સંબંધમાં અલગ ઓડિટ અહેવાલ (SAR) સરકારને રજુ કરવા જરૂરી છે જ્યારે આ 63 SAR માંથી 36 વિધાનસભામાં મૂકવા જરૂરી છે.

63 માંથી માત્ર 14 સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2018-19 માટેના હિસાબો રજુ કર્યા છે જ્યારે બાકીની 49 સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2006-07 થી 2018-19 માટેના હિસાબો રજૂ કર્યા નથી. બાકીની આ 49 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબો રજૂ ન કરવાનો ઓગષ્ટ 2019 સુધીનો વિલંબનો સમયગાળો બે મહિનાથી 134 મહિના સુધીનો રહ્યો હતો. 63 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં પ્રાપ્ત થયેલા[14] હિસાબો અને SAR વિધાનસભામાં મુકવાની સ્થિતિ દર્શાવતુ પત્રક **પરિશિષ્ટ 3.3** માં દર્શાવ્યા છે.

49 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબો ઓડિટને રજૂ કરવામાં થયેલા વિલંબ અને 36 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં SARs વિધાનસભામાં મુકવામાં થયેલા વિલંબ ની વિગતો **કોઠો 3.6** માં દર્શાવવામાં આવી છે.

[14] નાણાકીય વર્ષ પૂર્ણ થયાના ત્રણ મહિનાની અંદર સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબો રજૂ કરવાના હોય છે. (પ્રતિવર્ષ 30 જૂન)

**કોઠો 3.6: હિસાબો રજૂ કરવામાં અને પૂરક ઓડિટ અહેવાલો વિધાનસભામાં મુકવામાં વિલંબ**

| ઓડિટ માટે હિસાબોની રજૂઆત | | SAR વિધાનસભામાં મુકવા | |
|---|---|---|---|
| વિલંબનો સમયગાળો (ઑગષ્ટ 2019 સુધી) | સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા | વિલંબ | સ્વાયત્ત સંસ્થાઓની સંખ્યા |
| 1 વર્ષ સુધી | 32 | Up to 1 વર્ષ સુધી | 16 |
| 2 વર્ષો | 4 | 1 – 2 વર્ષ | 3 |
| 2 વર્ષ થી વધારે | 13 | 2 વર્ષ કરતાં વધારે | 17 |
| કુલ | 49 | કુલ | 36 |

સ્રોત: PAG (E&RSA) ની કચેરી અને PAG (G&SSA) ની કચેરી દ્વારા સંકલિત કરવામાં આવેલી માહિતી

હિસાબો રજૂ કરવામાં અને અહેવાલો વિધાનસભાના ટેબલ પર મુકવામાં થયેલ અતિશય વિલંબ, આ સંસ્થાઓ જેમાં સરકારનું રોકાણ કરવામાં આવેલુ છે તેની કામગીરીની ચકાસણીમાં વિલંબમાં પરિણમ્યો હતો. ઉપરાંત, સરકાર દ્વારા લેવાપાત્ર ઉપચારાત્મક પગલા, કોઇ હોય તો, તેમાં પણ વિલંબ થયો હતો.

***ભલામણઃ નિયંત્રણ વિભાગોએ સ્વાયત્ત સંસ્થાઓ/સત્તામંડળોના હિસાબોના આખરીકરણમાં વિલંબ માટેના કારણો શોધવાં જોઇએ કે જેથી તે અંગે યોગ્ય ઉપચારાત્મક પગલા લઇ શકાય અને પાછલા બાકી હિસાબોના ભરાવાનો સમયબધ્ધ રીતે નિકાલ શકાય.***

## 3.5 વ્યક્તિગત થાપણ/ વ્યક્તિગત લેજર હિસાબ

### 3.5.1 વ્યક્તિગત થાપણ હિસાબ

વ્યક્તિગત થાપણ હિસાબ (PD Account) નો આશય ચોક્કસ હેતુ માટે તિજોરી હિસાબમાં આવક જમા કરવા માટે અને રાજ્ય એકત્રિત નિધિ માંથી બારોબાર ઉપાડ કરવાની તેના વહીવટકર્તાને સુવિધા આપવાનો છે. તેના વહીવટકર્તાઓ તરીકે તેમની સત્તાવાર ફરજ બજાવતા અથવા અન્ય કોઇ ક્ષમતામાં ફરજ બજાવતા સરકારી અધિકારીઓ જ હોવા જોઇએ. આ રીતે ખાતું ખોલવા માટે અધિકૃત કરવામાં આવેલા દરેક વ્યક્તિગત થાપણ હિસાબ જાહેર હિસાબ હેઠળ સરકારી હિસાબનો ભાગ રહેશે.

31 માર્ચ 2019 ની સ્થિતિએ, 17 વિભાગોના 484 વયક્તિગત થાપણ હિસાબો[15] હતા જેની જીલ્લા તિજોરીઓમાં ₹ 581.01 કરોડની બંધ સિલક હતી જે નાણાકીય વર્ષ બંધ થયા પહેલાં રાજ્યના એકત્રિત હિસાબમાં તબદીલ કરવામાં આવી ન હતી.

2018-19 દરમિયાન 13 નવા હિસાબો ખોલવામાં આવ્યા હતા અને 11 બંધ કરવામાં આવ્યા હતા. શિક્ષણ વિભાગ સૌથી મોટી સંખ્યામાં (145) વ્યક્તિગત થાપણ હિસાબો ધરાવતુ હતું જેના

[15] મુખ્ય સદર 8443-106-સીવીલ ડિપોઝીટો-પર્સનલ ડિપોઝીટો હેઠળ

પછી સામાન્ય વહીવટ વિભાગ (74) અને કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ (53) આવતા હતા. 2018-19 દરમિયાન, CFS માંથી ₹ 1,610.57 કરોડ વ્યક્તિગત થાપણ હિસાબોમાં જમા કરવામાં આવ્યા હતા અને તેમાંથી ₹ 1,476.97 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

વધુમાં, 31 માર્ચ 2019 ની સ્થિતિએ 484 માંથી ₹ 1.70 કરોડની કુલ સિલક હતી એવા 26 વ્યક્તિગત થાપણ હિસાબો ત્રણ કરતાં વધારે વર્ષોથી નિષ્ક્રિય હતા.

વ્યક્તિગત થાપણ હિસાબોમાં પડી રહેલી વણવપરાયેલી સિલકોને નાણાકીય વર્ષ પૂર્ણ થયા પહેલાં રાજ્યના એકત્રિત હિસાબમાંમાં તબદીલી કરવામાં ન આવે તો જાહેર નાણાનો દુરૂપયોગ, છેતરપીંડી અને ઉચાપતનું જોખમ ઉભુ કરે છે.

અન્ય રાજ્યોની તુલનાએ, વ્યક્તિગત થાપણ હિસાબોની સ્થિતિ ટકી શકે એવી હતી. આમ છતાં, વ્યક્તિગત થાપણ હિસાબો જે એક વર્ષ કરતાં વધારે સમય માટે સક્રિય ન હતા તેના પર નાણા વિભાગે ધ્યાન આપવુ જોઇએ અને તેના પર જરૂરી કાર્યવાહી કરવી જોઇએ.

### 3.5.2 વ્યક્તિગત થાપણ હિસાબોની સમીક્ષા

વ્યક્તિગત થાપણ હિસાબો ના વહીવટ માટે સંબંધિત નિયમોના અનુપાલનની તપાસ કરવા માટે વર્ષ 2016-19 ના સમયગાળા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના વહીવટકર્તાઓના પાંચ[16] વ્યક્તિગત થાપણ હિસાબો ની ઓડિટે સમીક્ષા કરી હતી. વહીવટકર્તાઓએ વ્યક્તિગત થાપણ હિસાબોનો ઉપયોગ હોસ્ટેલ ફી, દાખલ ફી, કોર્સ ફી જેવી થાપણો અને પુરવઠાકારો/કોન્ટ્રાક્ટરોની બાનાની રકમ/સુરક્ષા થાપણો ની પ્રાપ્તિ/રિફન્ડ માટે કરવાનો હતો.

આ વહીવટકર્તાઓ દ્વારા સંચાલિત વ્યક્તિગત થાપણ હિસાબો પરના મુખ્ય ઓડિટ અવલોકનોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

#### 3.5.2.1 વ્યક્તિગત થાપણ હિસાબોના સંચાલનના સત્તાધિકારના પત્રોનો અભાવ

વ્યક્તિગત થાપણ હિસાબોનું સંચાલન માત્ર મહાલેખાકાર (હિસાબ અને હક) ની અધિકૃતિ સાથે જ કરી શકાય અને સત્તાધિકારના પત્રમાં ઉલ્લેખ કરેલી શરતો અનુસાર સંચાલન કરવું જોઇએ. આમ છતાં, પાંચ વહીવટકર્તાઓ દ્વારા સત્તાધિકારના પત્રો ઓડિટને ઉપલબ્ધ કરાવવામાં આવ્યા ન હતા. વહીવટકર્તાઓએ જણાવ્યુ હતું (ડિસેમ્બર 2019) કે સત્તાધિકારના પત્રોનો પત્તો મળતો ન હતો, કારણ કે તે ઘણા વર્ષો અગાઉ જારી કરવામાં આવ્યા હતા. સત્તાધિકારના પત્રો ન હોવાથી, લાગુ પડતી શરતોને વળગી રહીને વહિવટકર્તાઓ દ્વારા વ્યક્તિગત થાપણ હિસાબોનું સંચાલનમાં કરવામાં આવતુ હતું કે કેમ તેની ખાત્રી ઓડિટમાં કરી શકાઇ ન હતી.

---

[16] (i) મુખ્ય જીલ્લા તબીબી અધિકારી-સહ-સીવીલ સર્જન, જનરલ હોસ્પીટલ, ગાંધીનગર, (ii) તબીબી અધિક્ષક, સીવીલ હોસ્પીટલ, અમદાવાદ, (iii) ડીન, ડેન્ટલ કોલેજ અને હોસ્પીટલ, અમદાવાદ, (iv) નિયામક, એમ.જે. ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થેલ્મોલોજી, અમદાવાદ અને (v) ડીન, બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ

### 3.5.2.2 વ્યક્તિગત થાપણ હિસાબોમાં ફી અયોગ્ય રીતે રાખવી

ગુજરાત તિજોરી નિયમો, 2000 ના નિયમ 25 મુજબ, સરકારી સંસ્થાઓમાં એકત્રિત કરેલી તમામ પ્રકારની ફી તેની પ્રાપ્તિના બે અથવા ત્રણ દિવસની અંદર સરકારી હિસાબમાં જમા કરવી જોઇએ.

ઓડિટે જોયું હતું (ડિસેમ્બર 2019) કે ત્રણ વ્યક્તિગત થાપણ હિસાબોમાં પેરા-મેડીકલ કોર્સ ફી અને અખિલ ભારતીય દાખલ ફી (માર્ચ 2019 સુધીમાં એકત્ર કરેલી) ના હિસાબે ₹ 1.81 કરોડ[17] જમા થયા હતા, પરંતુ જેને ડિસેમ્બર 2019 ની સ્થિતિએ સરકારના હિસાબ ખાતે જમા કરવામાં આવ્યા ન હતા.

### 3.5.2.3 કેશબુક અને તિજોરી મુજબ સિલકોનું બિન-મેળવણુ

ગુજરાત તિજોરી નિયમો, 2000 નો નિયમ 398 નિયત કરે છે કે વ્યક્તિગત થાપણ હિસાબોના વહીવટકર્તાઓએ પૂર્વવર્તી નાણાકીય વર્ષ માટેની તેમની સિલકોનું પછીના નાણાકીય વર્ષની 30 જૂન સુધીમાં સંબંધિત તિજોરી કચેરીઓ સાથે સમાધાન કરવુ જોઇએ.

તબીબી અધિક્ષક, સીવીલ હોસ્પીટલ, અમદાવાદની વ્યક્તિગત થાપણ હિસાબની ચકાસણીમાં, વર્ષ 2016-17, 2017-18 અને 2018-19 માટેની સિલકોનુ મેળવણુ ન થયુ હોવાના કારણે વ્યક્તિગત થાપણ હિસાબની કેશબુક અને તિજોરાની સિલક વચ્ચે ₹ 0.50 લાખનો તફાવત જોવામાં આવ્યો હતો.

### 3.5.2.4 યોજનાઓના ભંડોળ વ્યક્તિગત થાપણ હિસાબમાં રાખવા

વ્યક્તિગત થાપણ હિસાબ જે હેતુ માટે તે શરૂ કરવામાં આવ્યો હોય તેના માટે જ તેનું સંચાલન થવુ જોઇએ અને તેનો ઉપયોગ ભંડોળો રાખી મુકવા માટે ન થવો જોઇએ. તબીબી અધિક્ષક, સીવીલ હોસ્પીટલ, અમદાવાદની કેશબુક અને સંબંધિત રેકર્ડની ચકાસણીમાં જોવામાં આવ્યુ હતું કે શાળા આરોગ્ય રાષ્ટ્રિય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ 2016-18 દરમિયાન આરોગ્ય કમિશનર દ્વારા આપવામાં આવેલા ₹ 11.10 કરોડ અયોગ્ય રીતે વ્યક્તિગત થાપણ હિસાબમાં રાખી મુકવામાં આવ્યા હતા.

₹ 11.10 કરોડમાંથી, માર્ચ 2018 સુધીમાં માત્ર ₹ 5 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને વ્યક્તિગત થાપણ હિસાબમાં ₹ 6.10 કરોડની વણવપરાયેલી સિલક પડી રહી હતી (ડિસેમ્બર 2019).

[17] મુખ્ય જીલ્લા તબીબી અધિકારી-સહ-સીવીલ સર્જન, જનરલ હોસ્પીટલ, ગાંધીનગર, તબીબી સુપ્રિન્ટેન્ડન્ટ, સીવીલ હોસ્પીટલ, અમદાવાદ, અને ડીન, બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ.

### 3.5.3 વ્યક્તિગત લેજર હિસાબનું સંચાલન

પંચાયત, ગ્રામિણ આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ જીલ્લા કક્ષાએ 33 જીલ્લા વિકાસ કચેરીઓ (DDO) અને તાલુકા કક્ષાએ 247 તાલુકા વિકાસ કચેરીઓ (TDO) સંબંધિત 280 વ્યક્તિગત લેઝર હિસાબો[18] હતા. 01 એપ્રિલ 2018 ની સ્થિતિ મુજબ, વ્યક્તિગત લેઝર હિસાબોમાં ₹ 12,785.81 કરોડની ઉઘડતી સિલક હતી. 2018-19 દરમિયાન આ હિસાબોમાં ₹ 41,012.13 કરોડની આવક અને ₹ 41,396.67 કરોડની ચૂકવણીઓ થઇ હતી અને 31 માર્ચ 2019 ના રોજ ₹ 12,401.27 કરોડની બંધ સિલક રહી હતી.

### 3.5.4 અદાલતી થાપણોના વ્યક્તિગત લેજર હિસાબો ની સમીક્ષા

#### 3.5.4.1 મુદતી થાપણોની યાદી ન નિભાવવી

ગુજરાત રાજ્યમાં અદાલતો જજો દ્વારા આપવામાં આવેલા ચુકાદાઓને અનુસરીને જુદા જુદા કેસોમાં થાપણો તરીકે નાણા પ્રાપ્ત કરે છે. વ્યાજ વગરની આ થાપણોનું વર્ગીકરણ બે વર્ગો એટલે કે (i) સીવીલ કોર્ટ ડિપોઝીટો[19] અને (ii) ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટો[20] માં કરવામાં આવે છે. સંબંધિત અદાલત દ્વારા થયેલા હુકમ અન્વયે આ રીતે જમા કરવામાં આવેલા નાણા, કેસમાં અદાલત દ્વારા નિર્ણય લેવામાં આવે એટલે પક્ષકાર/વ્યક્તિને પરત કરવામાં આવે છે.

કાયદા વિભાગ હેઠળ હાઇ કોર્ટ અને તાબાની કોર્ટોમાં 277 સીવીલ કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો અને 318 ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો ચલાવવામાં આવતા હતા. 01 એપ્રિલ 2018 ના રોજ, સીવીલ કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો માં ₹ 620.70 કરોડની ખૂલતી સિલક હતી. 2018-19 દરમિયાન આ હિસાબોમાં આવક ₹ 3,562.36 કરોડ અને ચૂકવણીઓ ₹ 3,418.04 કરોડની હતી અને 31 માર્ચ 2019 ના રોજ ₹ 765.02 કરોડની બંધ સિલક રહી હતી. ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટના વ્યક્તિગત લેજર હિસાબો માં 01 એપ્રિલ 2018 ના રોજ ₹ 128.33 કરોડની ખૂલતી સિલક હતી. 2018-19 દરમિયાન આ હિસાબોમાં ₹ 125.92 કરોડની પ્રાપ્તિ અને ₹ 87.58 કરોડની ચૂકવણીઓ થઇ હતી અને 31 માર્ચ 2019 ના રોજ ₹ 166.67 કરોડની બંધ સિલક રહી હતી.

વ્યાજની કોઇ આવક વિના કોર્ટ ડિપોઝીટ વ્યક્તિગત લેજર હિસાબો માં ઘણી મોટી રકમો પડી રહી હતી એ હકીકત હોવાથી, ગુજરાત હાઇ કોર્ટે 2009 માં તમામ અદાલતોને આદેશ કર્યો હતો કે વ્યક્તિગત લેજર હિસાબો માં આ રીતે ધારણ કરેલી રકમોનું સંબંધિત અદાલતોના રજીસ્ટ્રારો દ્વારા રાષ્ટ્રિયકૃત બેંકોમાં મુદતી થાપણોમાં રોકાણ કરવુ જોઇએ. કેસના ન્યાય-નિર્ણય ની અંતિમતા સુધી થાપણો પરનું વ્યાજ પક્ષકારો ન ગુમાવે તે સુનિશ્ચિત કરવાનો આશય હતો.

---

[18] મુખ્ય સદર – 8448-109 – લોકલ ફંડની થાપણો-પંચાયતી સંસ્થાઓના ભંડોળો હેઠળ

[19] મુખ્ય સદર-8443-104-સીવીલ કોર્ટ ડિપોઝીટો હેઠળ

[20] મુખ્ય સદર-8443-105-ક્રિમિનલ કોર્ટ ડિપોઝીટો હેઠળ

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે કાયદા અથવા નાણા વિભાગે મુદતી થાપણોમાં રોકાણ કરેલી રકમોની નોંધ રાખવા માટે અને મુદત-વિતી ડિપોઝીટોના કેસોમાં અનુસરવાની પધ્ધતિ બાબતમાં કોઇ પ્રણાલી ઉભી કરવા માટે કોઈ ઠરાવ/જાહેરનામું બહાર પાડ્યું ન હતું.

ચાર[21] વ્યક્તિગત લેજર હિસાબો ની પ્રતિક ચકાસણીમાં મુદતી થાપણોમાં રોકાણ કરેલી રકમોનો કોઇ રેકર્ડ ન હોવાનું બહાર આવ્યુ હતું અને આથી, જાહેર હિસાબની બહાર રાખવામાં આવેલી ડિપોઝીટોનું પ્રમાણ આકારવાનું મુશ્કેલ હતું. ઓડિટે વધુમાં એવું અવલોકન કર્યું હતું કે ડિપોઝીટો સ્વીકારવા (રજીસ્ટર C) અને ડિપોઝીટો છુટી કરવા (રજીસ્ટર D) માટેના રજીસ્ટરો મુદતી થાપણો કર્યાના કોઇ સંદર્ભ વિના નિભાવવામાં આવતા હતા.

આમ, મુદતી થાપણો પર દેખરેખ, તેનો હિસાબ અને માલયાદી નિભાવવા માટેની કોઇ પધ્ધતિ અસ્તિત્વમાં ન હતી. આવી કોઇ પધ્ધતિના અભાવે, જાહેર હિસાબની બહાર કરવામાં આવેલી આવી મુદતી થાપણો સંબંધી માહિતી સરકારના નાણાકીય હિસાબોમાં  જાહેર કરી શકાઇ ન હતી.

### 3.5.4.2 મુદત વિતી થાપણોના સંબંધમાં નિયમોનું બિન-અનુપાલન

સીવીલ મેન્યુઅલ, 1960 નિયમ 672 (22) અનુસાર, દાવાના છેવટના ન્યાય-નિર્ણય અથવા કાર્યવાહીની તારીખથી પુરા ત્રણ કરતા વધારે  હિસાબી વર્ષો માટે દાવો કરવામાં આવ્યો ન હોય એવી થાપણો દર વર્ષે માર્ચ મહિનો પૂર્ણ થયે સરકારના હિસાબમાં જમા કરવામાં આવશે. ત્યારબાદના મહિનામાં, અદાલત માંડવાળ કરેલા અને સરકારના હિસાબમાં જમા કરેલી સિલકોનું પત્રક મહાલેખાકાર (હિસાબ અને હક) ને રજૂ કરશે.

ઓડિટ દરમિયાન, એવુ ધ્યાન પર આવ્યુ હતું કે છેવટના ન્યાય-નિર્ણય બાદ સરકારમાં જમા થયેલી મુદત-વિતી રકમોની વિગતો, પ્રતિક ચકાસણી કરવામાં આવી હતી તે ચાર વ્યક્તિગત લેઝર હિસાબોના રજીસ્ટ્રારો પાસે ઉપલબ્ધ ન હતી કારણ કે દાવો કરવામાં ન આવ્યો હોય એવી થાપણોની કોઇ યાદી તૈયાર કરવામાં આવતી ન હતી.

## 3.6 ગેરરીતિ, નુક્સાન અને ઉચાપત

ગેરરીતિ, નુક્સાન, ઉચાપત વગેરેના ₹ 16.26 કરોડ સરકારના નાણા (માર્ચ 2019 સુધી) સંકળાયેલા હતા એવા 164 કેસો જેમાં નિર્ણાયક પગલા બાકી હતા તેની રાજ્ય સરકારે જાણ કરી હતી. પડતર કિસ્સાઓની વિભાગવાર વિગતો અને આવા કિસ્સાઓનું વય મુજબ પૃથક્કરણ **પરિશિષ્ટ 3.4** માં આપ્યું છે. આ કેસોનું ત્રણ વર્ગોમાં વર્ગીકરણ **પરિશિષ્ટ 3.5** માં દર્શાવ્યુ છે. પડતર કિસ્સાઓની વયવાર વિગતોનો સારાંશ **કોઠો 3.7** માં આપ્યો છે.

[21] ગુજરાતની વડી અદાલત, જીલ્લા ગ્રામ્ય અદાલત, મીરઝાપુર, અમદાવાદ, સીટી સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ અને સીવીલ કોર્ટ, ધોળકા

**કોઠો 3.7: ગેરરીતિ, નુક્સાન, ઉચાપત વગેરે કેસોની વય મુજબ વિગતો**

| વર્ષોમાં ગાળો | કેસોની સંખ્યા | સંકળાયેલી રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 5 સુધી | 42 | 7.63 |
| 5 – 10 | 16 | 0.63 |
| 10 – 15 | 19 | 1.82 |
| 15 – 20 | 13 | 5.53 |
| 20 – 25 | 12 | 0.11 |
| 25 અને વધુ | 62 | 0.54 |
| **કુલ** | **164** | **16.26** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતોમાંથી PAG(E&RSA) અને PAG(G&SSA) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી

164 કેસો પૈકી, નર્મદા, જળ સંપત્તિ. પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ પાસે 23 કેસો હતા અને મહેસૂલ વિભાગ પાસે 22 કેસો હતા જે 25 કરતાં વધારે વર્ષોથી પડતર હતા.

164 માંથી 118 કેસોમાં પ્રથમદર્શી માહિતી અહેવાલો (FIR) નોંધાવવામાં આવ્યા હતા. બાકીના 46 કેસો[22] છ વિભાગોને લગતા હતા. ઉચાપતના તમામ 46 કેસોમાં વિભાગીય કાર્યવાહી પ્રગતિમાં હતી. સંબંધિત વિભાગોએ આ કેસોમાં FIR વહેલી તકે નોંધાવવાની જરૂર છે.

ઉચાપત, નુક્સાન અને ગેરરીતિઓ પડતર હોવા માટેના કારણોની યાદી **કોઠો 3.8** માં છે.

**કોઠો 3.8: ગેરરીતિ, નુકસાન, ઉચાપત વગેરેના કિસ્સા પડતર હોવાના કારણો**

| પડતર કેસોના વિલંબ/બાકી હોવા માટેના કારણો | | કેસોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| 1. | ખાતાકીય અને ફોજદારી તપાસ બાકી | 28 | 0.93 |
| 2. | ખાતાકીય પગલાંની શરૂઆત થઇ પરંતુ અંતિમ નિર્ણય બાકી | 27 | 0.84 |
| 3. | ફોજદારી કાર્યવાહી પૂર્ણ થઇ પરંતુ બાકી રકમની વસૂલાતનું પ્રમાણપત્ર આપવાનું બાકી | 3 | 0.66 |
| 4. | વસૂલાત અથવા માંડવાળના હુકમો બાકી | 33 | 0.27 |
| 5. | અદાલતમાં કેસ ચાલુ | 72 | 13.54 |
| 6. | અન્ય | 1 | 0.02 |
| **કુલ** | | **164** | **16.26** |

સ્રોત: સંબંધિત વિભાગોએ રજુ કરેલી વિગતોમાંથી પ્રધાન મહાલેખાકાર (આર્થિક અને મહેસૂલ ક્ષેત્ર ઓડિટ) અને પ્રધાન મહાલેખાકાર (સામાન્ય અને સામાજીક ક્ષેત્ર ઓડિટ) ની કચેરીઓ દ્વારા એકત્રિત માહિતી

એવુ જોઇ શકાય છે કે, 164 માંથી 72 કેસો (43.90 ટકા) કાયદાકીય ન્યાય-નિર્ણયની પ્રક્રિયામાં હતા.

[22] વન અને પર્યાવરણ– 20 કેસો; આરોગ્ય અને કુટુંબ કલ્યાણ– 01 કેસ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર– 17 કેસો; માર્ગ અને મકાન– 06 કેસો; મહેસૂલ– 01 કેસ; અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી– 01 કેસ

## 3.7 સર્વસંગ્રાહક ગૌણ સદર 800 નો ઉપયોગ

સર્વસંગ્રાહક ગૌણ સદર-800 ઉપલબ્ધ યોજનાકીય ગૌણ સદરોમાં વર્ગીકરણ ન કરી શકાય એવા ખર્ચનો સમાવેશ કરે છે.


સર્વસંગ્રાહક ગૌણ સદર 800-અન્ય ખર્ચ/આવક હેઠળ મોટી રકમનું અંદાજકામ નાણાકીય અહેવાલોની પારદર્શકતાને અસર કરે છે કારણ કે તે સરકારની જુદી જુદી ચોક્કસ પ્રવૃત્તિઓ સાથે અસંમત હોઈ તેવી માહિતી હિસાબોમાં અલગથી દર્શાવવામાં નિષ્ફળ રહે છે.

2018-19 દરમિયાન, એકંદરે ₹ 11,133.79 કરોડનો ખર્ચ જે રાજ્યના કુલ ખર્ચના[23] (₹ 1,78,014.97 કરોડ) 6.25 ટકા થાય છે તેનું વર્ગીકરણ મહેસૂલ અને મૂડી વિભાગ હેઠળ 64 મુખ્ય સદરોમાં ગૌણ સદર "800-અન્ય ખર્ચ" હેઠળ કરવામાં આવ્યુ હતું. મુખ્ય વિભાગો જેમણે 2018-19 દરમિયાન મુખ્ય સદર-800 હેઠળ મોટી રકમોની નોંધ કરી હતી તે હતા ઉદ્યોગ અને ખાણ; નર્મદા, જળ સંપત્તિ. પાણી પુરવઠા અને કલ્પસર; અને કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ.

કેટલાક મુખ્ય સદરો[24] હેઠળ, 96 ટકા થી 100 ટકા વચ્ચેના ખર્ચની નોંધ સર્વસંગ્રાહક ગૌણ સદર -800 હેઠળ કરવામાં આવી હતી.

2018-19 દરમિયાન કોઇ એક ચોક્કસ મુખ્ય સદર હેઠળના ગૌણ સદર-800 હેઠળ ₹ 100 કરોડ કરતાં અધિકના ખર્ચની નોંધ કરવામાં આવી હોય એવા કેસો દ્રષ્ટાંતરૂપે **ચાર્ટ 3.1** માં આપ્યા છે.

**ચાર્ટ 3.1: મુખ્ય સદરો જેમાં 2018-19 દરમિયાન ₹ 100 કરોડ કરતાં વધારે ખર્ચ ગૌણ સદર 800 હેઠળ નોંધવામાં આવ્યો હતો**




સ્રોત: ગુજરાત સરકારના વર્ષ 2018-19 ના નાણાકીય હિસાબો

23 મહેસૂલી ખર્ચ, મૂડી ખર્ચ, લોન અને પેશગીની ચૂકવણી અને જાહેર ઋણની પરત ચૂકવણી નો સમાવેશ થાય છે.

24 2075: પરચુરણ સામાન્ય સેવાઓ– ₹ 40.56 કરોડ માંથી ₹ 39.82 કરોડ (98.17 ટકા) ની નોંધ મુખ્ય સદર 4236 હેઠળ: પોષણ માટે મૂડી જોગવાઇ, – ₹ 43.51 કરોડનો પૂરેપૂરો ખર્ચ (100 ટકા); મુખ્ય સદર 4408: અન્ન સંગ્રહ અને વખાર માટેના મૂડી જોગવાઇ નોંધવામાં આવ્યો હતો–₹ 90.48 કરોડમાંથી ₹ 89.34 કરોડ કરોડ (98.74 ટકા) ની નોંધ કરવામાં આવી હતી; મુખ્ય સદર 2852: ઉદ્યોગ– ₹ 2,526.35 માંથી ₹ 2,418.74 કરોડ (95.74 ટકા) ની નોંધ કરવામાં આવી હતી.


મુખ્ય સદર 2236, 2515, 2851, 2852 અને 3054 માં, સંબંધિત વિભાગો છેલ્લા ત્રણ વર્ષ થી સતત ₹ 100 કરોડ કરતાં અધિકના ખર્ચ ની નોંધ ગૌણ સદર-800 હેઠળ કરતા હતા. આ વિભાગો હતા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; નાણા; સામાન્ય વહીવટ; ઉદ્યોગ અને ખાણ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર; પંચાયતો, ગ્રામિણ આવાસ અને ગ્રામ વિકાસ; માર્ગ અને મકાન; મહિલા અને બાળ વિકાસ; ગૃહ અને સામાજીક ન્યાય અને સશક્તિકરણ.

એ જ રીતે, 2018-19 દરમિયાન, મહેસૂલી આવક એકંદરે ₹ 4,248.48 કરોડ, જે રાજ્યની કુલ[25] આવક (₹ 1,79,364.01 કરોડ) ના 2.37 ટકા થાય છે તેનું વર્ગીકરણ મહેસૂલ વિભાગ હેઠળના 53 મુખ્ય સદરોમાં સર્વસંગ્રાહક ગૌણ સદર "800-અન્ય આવક" હેઠળ કરવામાં આવ્યુ હતું. મુખ્ય વિભાગો જેમણે 2018-19 દરમિયાન ગૌણ સદર-800 હેઠળ મોટી રકમોની નોંધ કરી હતી તે હતાઃ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર; નાણા, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર; અને શહેરી વિકાસ અને શહેરી આવાસન.

આવકની 100 ટકા નોંધ ગૌણ સદર 800 હેઠળ કરવામાં આવી હોય એવા કેસો કુટંબ કલ્યાણ (મુખ્ય સદર 0211), અન્ન સંગ્રહ અને વખાર (મુખ્ય સદર-0408), ઉર્જાના બિન-પરંપરાગત સ્ત્રોતો (મુખ્ય સદર-0810), પ્રવાસન (મુખ્ય સદર-1452), અન્ય ખાસ વિસ્તારોના કાર્યક્રમો (મુખ્ય સદર-0575), પાવર (મુખ્ય સદર-0801), જમીન સુધારણા (મુખ્ય સદર-0506), નાગરિક પુરવઠો (મુખ્ય સદર-1456), અને અન્ય રાજકોષીય સેવાઓ (મુખ્ય સદર-0047) માં હતા.

2018-19 દરમિયાન એક ચોક્કસ મુખ્ય સદરના ગૌણ સદર-800 હેઠળ ₹ 100 કરોડ કરતાં વધારે આવકની નોંધ કરવામાં આવી હતી એવા કિસ્સા દ્રષ્ટાંત રૂપે **ચાર્ટ 3.2** માં આપ્યા છે.

**ચાર્ટ 3.2: 2018-19 દરમિયાન ગૌણ સદર-800 હેઠળ ₹ 100 કરોડ કરતાં વધારે આવકની નોંધ કરવામાં આવી હતી એવા મુખ્ય સદરો**




સ્ત્રોતઃ વર્ષ 2018-19 ના ગુજરાત સરકારના નાણાકીય હિસાબો

25 કુલ આવક માં કર આવક, બિન-કર આવક, કેન્દ્રિય વેરા અને જકાતનાં હિસ્સો, ભારત સરકાર તરફથી સહાયક અનુદાન, પરચુરણ મૂડી આવક, લોન અને પેશગીઓની વસૂલાત અને જાહેર ઋણની આવકો સામેલ છે.

મુખ્ય સદરો 0035, 0049 અને 0700 માં, વિભાગો છેલ્લા ત્રણ વર્ષ થી સતત ₹ 100 કરોડ કરતાં વધારે આવકની નોંધ ગૌણ સદર-800 હેઠળ કરતા હતા.

એવુ પણ ધ્યાન પર આવ્યુ હતું કે ગૌણ સદર-800 માં ખર્ચ 2016-17 માં ₹ 8,608.12 કરોડ હતો તે સતત વધતો રહીને 2018-19 માં ₹ 11,133.79 થયો હતો જ્યારે એ જ ગૌણ સદર હેઠળ મહેસૂલી આવકમાં એ જ સમયગાળામાં વધઘટ થઇ હતી અને 2016-17 ની ₹ 16,471.60 કરોડ થી 2017-18 માં ₹ 2,336.52 કરોડ અને છેવટે 2018-19 માં ₹ 4,248.48 કરોડ થઇ હતી.

રાજ્ય સરકારે સંબંધિત ગૌણ સદર-800 હેઠળ ખર્ચ અને આવકનું વર્ગીકરણ ઓછામાં ઓછુ થાય એવુ કરવા માટે વધુ પ્રયત્નો કરવા જોઇએ.

## 3.8 હિસાબો પર ટિપ્પણી

### 3.8.1 હિસાબોની ચોક્સાઇને અસર કરતા અગત્યના પરિબળો

સરકારના હિસાબો રોકડ આધારે નિભાવવામાં આવે છે. સરકારના હિસાબમાં ઉદ્‌ભવતા કેટલાક વ્યવહારો જેની આવક અને ચૂકવણીની નોંધ તેના પ્રકારની માહિતીના અભાવે અથવા અન્ય કોઇ પણ કારણસર આવક અથવા ચૂકવણીના નિર્ણાયક મુખ્ય સદર હેઠળ તાત્કાલિક નોંધ ન થઇ શકે તેને કામચલાઉ રીતે "ઉચ્ચક સદર" હેઠળ નોંધવાના હોય છે. સંબંધિત વિગતો/માહિતી મળ્યા બાદ જ્યારે આ રકમોની નોંધ હિસાબોના છેવટના સદરમાં કરવામાં આવે છે ત્યારે આ સદરોને ઋણ ઉધાર અથવા ઋણ જમા દ્વારા છેવટે દૂર કરવામાં આવે છે. જો આ હિસાબો દૂર કરવામાં ન આવે તો ઉચ્ચક સદરમાં સિલકોમાં વધારો થતો રહેશે અને સરકારના આવક અને ખર્ચનું સાચું ચિત્ર રજુ કરશે નહીં. ઋણ, થાપણ અને ભરણાંમાં આવા વ્યવહારો સમાવવામાં આવે છે જેમાં સરકાર, પ્રજાના નાણાના રખેવાળ તરીકે, આવા નાણા મેળવીને થાપણ રૂપે સાચવે છે.

મુખ્ય ઉચ્ચક હિસાબો હેઠળના વ્યવહારોની સામાન્ય સમીક્ષામાં નીચે મુજબ જોવા મળ્યું હતું:

#### 3.8.1.1 મુખ્ય ઉચ્ચક હિસાબ હેઠળ પડતર સિલકો

હિસાબોના કેટલાક મુખ્ય ઉચ્ચક સદરો હેઠળની સિલકો, મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા નિભાવવામાં આવતી ખાતાવહીમાં નોંધવામાં આવેલ છે તે **કોઠો 3.9** માં દર્શાવી છે.

**કોઠો 3.9: ઉચ્ચક સદર (8658 – ઉચ્ચક હિસાબ)**

**(₹ કરોડમાં)**

| ગૌણ સદરનું નામ | 2016-17 | | | 2017-18 | | | 2018-19 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઉધાર | જમા | ચોખ્ખી ઉધાર | ઉધાર | જમા | ચોખ્ખી ઉધાર | ઉધાર | જમા | ચોખ્ખી ઉધાર |
| 101- પગાર અને હિસાબ કચેરી ઉચ્ચક | 166.13 | 30.00 | 136.13 | 189.21 | 3.69 | 185.52 | 221.01 | 9.22 | 211.79 |
| 102- ઉચ્ચક હિસાબ (સીવીલ) | 90.93 | 0.11 | 90.82 | 74.34 | 0.15 | 74.19 | 98.04 | 7.72 | 90.32 |
| 110- રિઝર્વ બેંક ઉચ્ચક – કેન્દ્રિય હિસાબ કચેરી | 352.96 | 110.73 | 242.23 | 242.23 | 0.00 | 242.23 | 242.23 | 0.00 | 242.23 |

સ્રોત: વર્ષ 2018-19 માટેના ગુજરાત સરકારના નાણાકીય હિસાબે

નાણાકીય હિસાબો આ સદરોમાં ચોખ્ખી સિલકો દર્શાવે છે. બાકી ઉધાર અને બાકી જમાનું અલગ અલગ એકત્રિકરણ કરીને બાકી સિલકોની ગણતરી કરવામાં આવે છે. આ સદરોમાંની બાકી સિલકોના સૂચિતાર્થોની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

(i) *પગાર અને હિસાબ કચેરી ઉચ્ચક*

આ ગૌણ સદર પગાર અને હિસાબ કચેરીઓ (PAOs) અને મહાલેખાકાર (હિસાબ અને હક) ના હિસાબી ચોપડાઓમાંથી ઉદ્દ્ભવતા આંતર-વિભાગીય અને આંતર-સરકારી વ્યવહારોની પતાવટ માટે વાપરવામાં આવે છે. આ ગૌણ સદરમાંના વ્યવહારો હિસાબી અધિકારી દ્વારા જેની સામે ગૌણ સદર "પી.એ.ઓ. ઉચ્ચક" ખોલવામાં આવ્યું છે તે અન્ય હિસાબી અધિકારી વતી કરવામાં આવેલી વસૂલાત અથવા કરવામાં આવેલી ચૂકવણી દર્શાવે છે. સદરમાંની જમા રકમને હિસાબી અધિકારી જેના હિસાબોમાં મૂળ વસૂલાત નોંધવામાં આવી હોય તેના દ્વારા ચેક આપવામાં આવે ત્યારે "ઓછા જમા" થી દૂર કરવામાં આવે છે. "પી.એ.ઓ. ઉચ્ચક" હેઠળની ઉધાર રકમ હિસાબી અધિકારી જેના વતી ચુકવણી કરવામાં આવી હતી તેના તરફથી મળેલો ચેક વટાવાય પછી "ઓછા ઉધાર" થી દૂર કરવામાં આવે છે.

આ સદર હેઠળ બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે પગાર અને હિસાબ અધિકારી વતી મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા ચૂકવણી કરવામાં આવી છે જેની વસૂલાત કરવાની બાકી છે. બાકી જમા સિલકનો અર્થ એ થાય કે પગાર અને હિસાબી અધિકારી વતી મહાલેખાકાર (હિસાબ અને હક) ને ચૂકવણીની રકમ મળી છે જેની વસૂલાત/પતાવટ કરવાની હજી બાકી છે.

આ સદરમાંની ચોખ્ખી ઉધાર સિલક 2016-17 માં ₹ 136.13 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 211.79 કરોડ થઇ હતી.

(ii) *ઉચ્ચક હિસાબો (સીવીલ)*

આ વચગાળાના ગૌણ સદરનો ઉપયોગ એવા વ્યવહારોના હિસાબ માટે કરવામાં આવે છે કે જે કેટલીક માહિતી/દસ્તાવેજો જેવા કે વાઉચર, ચલન વિગેરેનાં અભાવે ખર્ચ અથવા આવકના છેવટના સદરમાં નોંધી શકાયા ના હોય. આ ગૌણ સદરમાં આવક નોંધવા માટે જમા કરવામાં આવે છે અને કરવામાં આવેલ ખર્ચ માટે ઉધાર કરવામાં આવે છે. જરૂરી માહિતી/દસ્તાવેજો મળ્યા બાદ આ ગૌણ સદર ઓછી ઉધાર અથવા ઓછી જમા અને લાગુ પડતા મુખ્ય/પેટા-મુખ્ય/ગૌણ હિસાબી સદરોમાં સામી ઉધાર અથવા જમા દ્વારા દૂર કરવામાં આવે છે.

આ સદર હેઠળ બાકી ઉધાર સિલકનો અર્થ એવો થાય કે એવી ચૂકવણી કરવામાં આવી છે કે જે કેટલીક માહિતી/દસ્તાવેજો જેવા કે વાઉચર વિગેરેના અભાવે ખર્ચના છેવટના સદરમાં નોંધી શકાયા નથી. બાકી જમા સિલકનો અર્થ એવો થાય કે રકમ મળી છે જે વિગતોના અભાવે છેવટના આવકના સદરે જમા લઇ શકાયા નથી.

31 માર્ચ 2019 ની સ્થિતિએ, આ સદરમાં ચોખ્ખી ઉધાર સિલક ₹ 90.32 કરોડ હતી, જે દર્શાવે છે કે છેવટના ખર્ચના સદરના વર્ગીકરણ માટે જરૂરી માહિતી ઉપલબ્ધ ન હતી.

(iii) *રિઝર્વ બેંક ઉચ્ચક-કેન્દ્રિય હિસાબ કચેરી*

આ સદરનો ઉપયોગ આંતર-સરકારી વ્યવહારોની નોંધ કરવા માટે થાય છે જેમાં ભારતીય રિઝર્વ બેંકના કેન્દ્રિય હિસાબ વિભાગમાં સૂચના મોકલીને બે સરકારોની રોકડ સિલકો વચ્ચે નાણાકીય પતાવટ કરવામાં આવે છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા નાણાકીય પતાવટ કરવામાં આવ્યા અંગેની સૂચના મળ્યા બાદ હિસાબના છેવટના સદરે રકમ તબદીલ કરીને આ સદર દૂર કરવામાં આવે છે. મુખ્ય વ્યવહાર જેની આ ઉચ્ચક સદર મારફત પતાવટ કરવામાં આવે છે તે ભારત સરકાર તરફથી મળેલા અનુદાન/લોન અને તેની પરત ચૂકવણી, જામીનગીરીઓની મુક્તિ અને ભારતીય રિઝર્વ બેંકની જાહેર ઋણ કચેરી દ્વારા ચૂકવવામાં આવેલ વ્યાજ અને સરકારના વિભાગોને પુરા પાડવામાં આવેલા માલસામાન માટે ડાયરેક્ટર જનરલ ઓફ સપ્લાઇઝ એન્ડ ડિસ્પોઝલ્સ દ્વારા કરવામાં આવેલી ચૂકવણી છે.

31 માર્ચ 2019 ની સ્થિતિએ, આ સદરમાં ઉધાર સિલક ₹ 242.23 કરોડ હતી, જે પાછલા વર્ષ જેટલી જ હતી, જે દર્શાવે છે કે અનુરૂપ પાતાવટો કરવામાં આવી ન હતી.

.

**(યશવંત કુમાર)**

**રાજકોટ** **પ્રધાન મહાલેખાકાર**

**તાઃ** **(ઓડિટ-I), ગુજરાત**

**પ્રતિસહી**

**નવી દિલ્લી** **(રાજીવ મહર્ષિ)**

**તાઃ** **ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક**